# :: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

### વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો શુભારંભ

સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તા.૨૫/૦૯/૨૦૧૮ થી તા.૦૬/૧૦/૨૦૧૮ દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ થીયેટરની પાછળ, અડાજણ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. તા.૨૫/૧૦/૨૦૧૮ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ડે.મેયરશ્રી નિરવ એસ. શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, આસી.મ્યુનિ.કમિશનરશ્રી કમલેશભાઈ નાયક, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, નિર્ણાયકશ્રી ભરતભાઈ યાજ્ઞિક, શ્રી રાજેશ દાણી અને શ્રી હેમાંગ વ્યાસએ દીપ પ્રગટાવી નાટ્ય સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય બાદ સુરતના સપૂત અને ગુજરાતી ભાષાના તમામ પ્રતિષ્ઠિત પુરસ્કારથી પુરસ્કૃત, સુરતના સાંસ્કૃતિક વાતાવરણના એકજનક પ્રણેતા, સંવર્ધક અને ઉચ્ચ નૈતિક તથા માનવીય મૂલ્યોના આગ્રહી એવા ગુજરાતી ભાષાના દિગ્ગજ મૂર્ધન્ય સાહિત્યકાર, પીઢ પત્રકાર, લેખક, ચિંતકશ્રી, કવિ, ગઝલકાર, નવલકથાકારશ્રી ભગવતીકુમાર શર્મા તથા જાણીતા નાટ્યકારશ્રી મહેરનોઝ કરંજીયા માટે મૌન પાળવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલએ તમામને આવકાર્યા હતા. માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ પ્રેરણાદાયી અને દિગ્ગજ સાહિયકાર શ્રી ભગવતીકુમાર શર્મા, દિગ્ગજ નાટ્યકારશ્રી પ્રો.જયોતી વૈદ્ય, નાટ્યકાર મહેરનોઝ કરંજીયાની આ નાટ્ય સ્પર્ધામાં ખોટ સાલવાનો ઉલ્લેખ કરી સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતની પ્રજાની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન સાથે નાટ્ય પ્રવૃતિને પ્રોત્સાહન આપવા છેલ્લા ૪૫ વર્ષથી યોજવામાં આવતી નાટ્ય સ્પર્ધા અવિરત ચાલુ રહે તેવી ખેવના સાથે ૪૬મી નાટ્ય સ્પર્ધામાં રજુ થનાર નાટકોને શાંતિથી માણવાં અપીલ કરી હતી. સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ અર્થે "એક કદમ સ્વચ્છતા તરફ" ૧૦ મીનીટનું નાટક રજુ થયું હતું. નાટ્ય સ્પર્ધાના પ્રથમ દિવસે ડૉ.રઈસ મનીઆર લિખિત અને કેતન રાઠોડ દિગ્દર્શીત કૃ નાટ્ય સંસ્થાનું "છેદ વિચ્છેદ" નાટક રજુ થયું હતું. જેને શહેરના નાટ્ય રસિક નગરજનોએ મન ભરીને માંણ્યું હતું. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમના તખ્તે રજુ થશે.

| ક્રમ | તારીખ | સંસ્થાનું નામ | નાટકનું નામ | સંચાલક નામ | દિગદર્શકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૬/૦૯/૨૦૧૮ | રાજગ્રુપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | બાલ ભગવાન | રાજેશ પાન્ડેય | રાજેશ પાન્ડેય | સ્વદેશ દીપક |
| ૨ | ૨૭/૦૯/૨૦૧૮ | એક્ષપ્રેશન ગૃપ | કારાગાર | મિહિર પાઠક | મિહિર પાઠક | નીરજ કંસારા |
| ૩ | ૨૮/૦૯/૨૦૧૮ | કે.ડી.એન્ટરટેઈનર્સ | શિરચ્છેદ | ડેનિશ પુણીવાળા | જાવિદ કાઝી | ઉત્તમ ગડા |
| ૪ | ૨૯/૦૯/૨૦૧૮ | પરમ | મનુ દામજી | ડૉ. પદ્મેશ પંડિત | ડૉ. પદ્મેશ પંડિત | ડૉ. પદ્મેશ પંડિત |
| ૫ | ૩૦/૦૯/૨૦૧૮ | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી |
| ૬ | ૦૧/૧૦/૨૦૧૮ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ | મનોજ પાનપાટીલ | મનોજ પાનપાટીલ | શૈલેષ દવે |
| ૭ | ૦૨/૧૦/૨૦૧૮ | દિપ આર્ટસ્ | આખરી દાવ | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત |
| ૮ | ૦૩/૧૦/૨૦૧૮ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ | વૈભવ દેસાઈ | ડૉ.રઈસ મનીઆર |
| ૯ | ૦૪/૧૦/૨૦૧૮ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | ચેતન સી.કણિયા | પંકજ પાઠકજી | વિલોપન દેસાઈ |
| ૧૦ | ૦૫/૧૦/૨૦૧૮ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે | દેવાંગ જાગીરદાર | દેવાંગ જાગીરદાર | મકરંદ મુસળે |
| ૧૧ | ૦૬/૧૦/૨૦૧૮ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ | મેહુલ બી. શર્મા | સ્વપ્નીલ પાઠક | વિલોપન દેસાઈ |

આ નાટ્ય સ્પર્ધા વિનામૂલ્યે આમંત્રિતો માટે રાખવામાં આવેલ છે. પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. વધુમાં નાટ્ય સ્પર્ધાના પ્રવેશ પાસ રોજે રોજ સંજીવકુમાર ઓડિટોરીયમની બુકીંગ ઓફિસ ખાતેથી સવારે ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે મળી શકશે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**જાહેર આરોગ્ય – માર્કેટ ખાતુ**<br>**પ્રેસ નોટ** | |

**<u>તા.૦૨/૧૦/૨૦૧૮ ને મંગળવારના રોજ "મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે" સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.</u>**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૦૨/૧૦/૨૦૧૮ ને મંગળવારના રોજ "મહાત્મા ગાંધી જયંતી નિમિત્તે" સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

Polio gone Measles is next / "GO FOR DIGITAL PAYMENT IT'S SAFE & SECURE"

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૨૭/૦૯/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સા–ઈસ્ટઝોનમાં તા. ૨૭/૦૯/૨૦૧૮ ના રોજ લિંબાયત યુનિટ દ્વારા બ્રિડીંગ મળતા તે ઈસમોને મોબાઈલ કોર્ટ કેશ–૩૧ મુકવામાં આવેલ છે.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. 471
તા. ૨૭–૦૯–૨૦૧૮

# :પ્રેસનોટ:

**પૂર્વઝોન (વરાછા) ના કાર્યક્ષેત્રમાં આવેલ શાળાઓ દ્વારા પોતાની પ્રિમાઈસીસમાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા જોગ પગલાં લઈ નિયત સમય–મર્યાદામાં માહિતી પૂરી ન પાડતા આપવામાં આવેલ " જાહેર આરોગ્ય રક્ષણ સંબંધી નોટિશ" બાબતની અખબારી યાદીઃ**

---

ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયાના "મેલેરીયા નાબુદી અભિયાન–૨૦૩૦" ના અનુસંધાને ગુજરાત સરકારશ્રી દ્વારા " મેલેરીયા ફ્રી ગુજરાત–૨૦૨૨" નું અભિયાન હાથ ધરાવામાં આવેલ છે. જેમાં સરકારી– અર્ધસરકારી તેમજ શૈક્ષણિક, બિનશૈક્ષણિક તથા કોર્મશિયલ સહિત તમામ સંસ્થાઓ દ્વારા પોતાના પટાંગણમાં મચ્છરજન્ય પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા સુચન થયેલ છે. સદર કામગીરીના ભાગરુપે અત્રેના વી.બી.ડી.સી વિભાગ દ્વારા બાંધકામ સહિત શાળા તથા તમામ હોસ્પિટલ અને કોર્મશિયલ સંસ્થાઓને અઠવાડીક તેઓની પ્રિમાઈસીસ ચેક કરી મચ્છરની ઉત્પત્તિ ન થાય તેની કાળજી લેવા જરૂરી સુચન કરવામાં આવેલ તથા માર્ગદશન આપવામાં આવેલ.

વધુમાં અત્રેના પૂર્વઝોન(વરાછા) ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં જાહેર આરોગ્યલક્ષી કામગીરીમાં ઉદાસીનતા દાખવેલ કુલ–૭૩ શાળાઓને "જાહેર આરોગ્યલક્ષી નોટિસ" પહોંચાડવામાં આવેલ છે. તેમજ નિયમિત સમયસર પાલન ન કરનાર સંસ્થા સામે મ્યુ.કોર્ટ કેસ સહિત દંડનીય કાર્યવાહી હાથ ધરવાની તજવીજ કરવામાં આવશે.

આથી સુરત શહેરની તમામ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સંસ્થાને જણાવવાનું કે તમારી પ્રિમાઈસીસમાં મચ્છરની ઉત્પત્તિ ન થાય તે મુજબ કામગીરી હાથ ધરવા અનુરોધ કરવામાં આવે છે. અને આરોગ્ય વિભાગના કર્મચારીની સુચના મુજબ અમલવારી હાથ ધરવા જણાવવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)માં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર)માં રાંદેર મેઈન રોડ ઉપર રામનગર વિસ્તારમાં આવેલ ઝુલેલાલ મંદિરની બાજુમાં ફા.પ્લોટ નં.૩૨નાં સબ પ્લોટ નં.૯ તથા ૧૦ માં " સંતોષ બેકરી " તરીકે જાણીતી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વિના બાંધકામ શરૂ કરવામાં આવેલ. સદર મંજૂરી વિનાના બાંધકામ બાબતે પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા નોટીસ આપી બાંધકામ અટકાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર ધ્વારા ગેરકાયદેસર બાંધકામ ચાલુ રખાતા આજે તા.૨૭/૦૯/૨૦૧૮ ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર) ના શહેર વિકાસ વિભાગ ધ્વારા દબાણ ખાતાના સ્ટાફની મદદથી ગેરકાયદેસર બાંધકામનું ડિમોલશેન કરવામાં આવેલ. જે અન્વયે બીજા માળે આશરે ૯૫૦.૦૦ ચો.ફૂટ જેટલા માપ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ તથા આશરે ૩૦૦.૦૦ ચો.ફુટ જેટલા ચણતર તથા પ્લાસ્ટરનાં બાંધકામનું ડિમોલશેન કરવામાં આવેલ. જેના અનુસંધાને સદર ગેરકાયદેસર બાંધકામના ડિમોલેશન અન્વયે મિલ્કતદાર પાસે ડિમોલિશન ચાર્જ પેટે કુલ રૂા.૭૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૩–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ફોટોગ્રાફર તથા કુલ–૨૫ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# –: પ્રેસ નોટ :–

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન (ઉધના) નાં હરીનગર કોમ્યુનીટી હોલ ખાતે તા.૨૮/૦૯/૨૦૧૮નાં રોજ સેવાસેતુ કાર્યક્રમ રાખવામાં આવેલ. સદર કાર્યક્રમ સાથે સવારે ૯:૦૦ કલાકે સરકારશ્રીના મહાત્માગાંધીની ૧૪૯ મી જન્મજયંતિના ભાગરૂપે "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમ અન્વયે ઉધના વિધાનસભાના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ ગાંધીકુટીર, કલ્યાણકુટીર અને શકિતનગર સોસાયટી વિસ્તારમાં નાગરિકોને જોડીને સફાઈ અભિયાન, નાગરિકોને પ્લાસ્ટિક પ્રતિબંધ તેમજ ભીનો કચરો અને સુકો કચરો અલગ–અલગ રાખવા બાબતનું અભિયાન રાખવામાં આવેલ. આ અભિયાન દરમ્યાન ઉધના વિધાનસભાના ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ તથા કોર્પોરેટરોશ્રીઓ અને ૧૨૫ જેટલા સ્થાનિક ભારતીય જનતા પક્ષના કાર્યકર્તાઓ એ હાજર રહીને "સ્વચ્છતા હી સેવા" કાર્યક્રમને સફળ બનાવેલ છે. જેના ફોટોગ્રાફસ આ સાથે સામેલ છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૧/૦૯/૨૦૧૮ થી તા.૨૭/૦૯/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૯૯૬ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૫૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૧૭ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૭ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૪ |

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા બાબત.

સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તા.૨૫/૦૯/૨૦૧૮ થી તા.૦૬/૧૦/૨૦૧૮ દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ થીયેટરની પાછળ, અડાજણ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. સુરતની શાન સમા ''સંજીવકુમાર ઓડિટોરીયમમાં '' તા.૨૫/૦૯/૨૦૧૮ના રોજ ડૉ.રઈસ મનીઆર લિખિત અને કેતન રાઠોડ દિગ્દર્શીત કૃ નાટ્ય સંસ્થાનું ''છેદ વિચ્છેદ''નાટકની શરૂ થયેલ આ સ્પર્ધામાં તા.૨૬/૦૯/૨૦૧૮ના રોજ રાજગૃપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ નાટ્ય સંસ્થાનું સમાજમાં વ્યાપેલી અંધશ્રધ્ધાને રજુ કરતું બીજું નાટકનું 'બાલ ભગવાન'માં ૩૦ જેટલા કલાકારોની સુંદર ભજવણીથી પ્રેક્ષકોને ભરપૂર મનોરંજન પુરૂં પાડયું હતું. તા.૨૭/૦૯/૨૦૧૮ના રોજ એક્ષપ્રેશન ગૃપ નાટ્ય સંસ્થાનું નીરજ કંસારા રૂપાંતરિત અને મિહીર પાઠક દિગ્દર્શિત જેલની એક કોટડીમાં સાથે રહેતા ત્રણ કેદીઓ એકમેકની લાગણીઓથી બંધાઈ જતાં તેઓના જીવનમાં કેવું પરિવર્તન આવે છે ? તે દર્શાવતું ઉમદા નાટક 'કારાગાર' દર્શકોના દિલને સ્પર્શી ગયું હતું. આ ત્રણેય નાટકોને નાટ્ય રસિક નગરજનોએ સંજીવકુમારના ફુલ ઓડિયન્સ સાથે રસપૂર્વક નિહાળ્યા હતા. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમના તખ્તે રજુ થશે.

| ક્રમ | તારીખ | સંસ્થાનું નામ | નાટકનું નામ | સંચાલક નામ | દિગદર્શકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૮/૦૯/૨૦૧૮ | કે.ડી.એન્ટરટેઈનર્સ | શિરચ્છેદ | ડેનિશ પુણીવાળા | જાવિદ કાઝી | ઉત્તમ ગડા |
| ૨ | ૨૯/૦૯/૨૦૧૮ | પરમ | મનુ દામજી | ડૉ. પદ્મેશ પંડિત | ડૉ. પદ્મેશ પંડિત | ડૉ. પદ્મેશ પંડિત |
| ૩ | ૩૦/૦૯/૨૦૧૮ | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી | ગીરીશ સોલંકી |
| ૪ | ૦૧/૧૦/૨૦૧૮ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ | મનોજ પાનપાટીલ | મનોજ પાનપાટીલ | શૈલેષ દવે |
| ૫ | ૦૨/૧૦/૨૦૧૮ | દિપ આર્ટસ્ | આખરી દાવ | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત |
| ૬ | ૦૩/૧૦/૨૦૧૮ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ | વૈભવ દેસાઈ | ડૉ.રઈસ મનીઆર |
| ૭ | ૦૪/૧૦/૨૦૧૮ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | ચેતન સી.કણિયા | પંકજ પાઠકજી | વિલોપન દેસાઈ |
| ૮ | ૦૫/૧૦/૨૦૧૮ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે | દેવાંગ જાગીરદાર | દેવાંગ જાગીરદાર | મકરંદ મુસળે |
| ૯ | ૦૬/૧૦/૨૦૧૮ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ | મેહુલ બી. શર્મા | સ્વપ્નીલ પાઠક | વિલોપન દેસાઈ |

આ નાટ્ય સ્પર્ધા વિનામૂલ્યે આમંત્રિતો માટે રાખવામાં આવેલ છે. પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. વધુમાં નાટ્ય સ્પર્ધાના પ્રવેશ પાસ રોજે રોજ સંજીવકુમાર ઓડિટોરીયમની બુકીંગ ઓફિસ ખાતેથી સવારે ૧૧ થી ૧૨ કલાક દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે મળી શકશે.



Polio gone Measles is next / "GO FOR DIGITAL PAYMENT IT'S SAFE & SECURE"

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**વરાછા ઝોન ઓફિસ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન કોમ્યુનિટી હોલ, હરીનગર – ૩ ની પાછળ, શકિતનગરની બાજુમાં, ઉધના, સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા મા.મેયરશ્રી ડો. જગદીશ પટેલે જણાવ્યુ હતુ કે સરકારશ્રી દ્વારા સેવાસેતુ વધુને વધુ સેવાલક્ષી બને તે માટે પ્રયાસો કરવામાં આવેલ છે. સેવાસેતુ કાર્યક્રમ થકી તમામ જરૂરીયાતમંદ વ્યકિતઓને કોઈપણ જાતના ભેદભાવ વગર એકજ દિવસમાં વિવિધ સેવાઓથી લાભાન્વીત કરવામાં આવે છે. મેયરશ્રીએ સરકારશ્રીની સેવાના મહત્વ અંગે જણાવ્યુ હતુ કે આજના ઝડપી સમયમાં ઉભી થતી અનેક મૂશ્કેલીઓનો સામનો કરવાની આગોતરી તૈયારી કરેલ હોય તો આપણે તે મૂશ્કેલીનો સામનો સારી રીતે કરી શકીએ. મા કાર્ડ જેવી સરકારશ્રીની સેવા એક ગરીબ પરીવારને બીમારી સામે લડવા મનોબળ પુરૂ પાડે છે. વધુમા મેયરશ્રીએ વિવિધ દ્રષ્ટાંતો આપી શહેરીજનોને સુરત શહેરની શ્રેષ્ઠ બનાવવા આહવાહન કર્યુ હતુ. કાર્યક્રમમાં ઉધના વિધાનસભાના ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલે પ્રાસંગીક ઉદબોધન કરતા સેવાસેતુ કાર્યક્રમની આંકડાકીય રૂપરેખા રજૂ કરી રજૂ કરી હતી તેમજ અધિકારીઓ તથા પદાધિકારીઓને ઉધના વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ થકી વધુને વધુ લોકો લાભ પ્રાપ્ત કરે તે માટે કરેલ પ્રયાસ માટે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં શાસકપક્ષના નેતા શ્રી ગીરજાશંકર મીશ્રાએ પ્રાસંગીક ઉદબોધન કરતા સેવાસેતુ કાર્યક્રમ જેમ આગળ વધતો ગયો તેમ વધુને વધુ લોકો દ્વારા તેનુ સ્વાગત કરવામાં આવ્યુ. વિકાસની પ્રક્રિયામાં સામાન્ય લોકોને જોડી સેવાસેતુ કાર્યક્રમ થકી વિવિધ પ્રમાણપત્રો દ્વારા લોકોની બચતમાં વધારો કરી તેને યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા છે. આ સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **૧૭૭૧** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજૂઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજૂઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં. 477 1 KJ<br>
તા. ૨૮/૦૯/૨૦૧૮





## :: પ્રેસનોટ ::

## "રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ઉજવણી"

વિષય : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ યોજાનાર ગાંધી પ્રતિમાને સુતરાંજલિ તથા ગાંધીવંદના બાદ સર્વધર્મ પ્રાર્થના તેમજ ભજનનો કાર્યક્રમ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ કલાકે ગાંધી પ્રતિમાને સુતરાંજલિ તથા ગાંધીવંદના બાદ સર્વધર્મ પ્રાર્થના તેમજ ભજનનો કાર્યક્રમ ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે રાખવામાં આવેલ છે. તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૭.૦૦ કલાકથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા ખાતેથી પૂજય ગાંધી બાપૂએ આપેલ સૂત્રોને રજુ કરતા બેનરો સાથે રેલી સ્વરૂપે કાર્યક્રમ સ્થળ ગાંધીબાગ ખાતે વંદના કાર્યક્રમમાં જોડાશે. તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ સવારે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને ગાંધીપ્રેમી નગરજનો દ્વારા પૂજય ગાંધી બાપૂની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરવામાં આવશે. ત્યારબાદ ગાંધીબાગ ખાતે પૂજય મહાત્મા ગાંધીજીની "સર્વધર્મ સમભાવ"ની ભાવનાને ચરિતાર્થ કરતા સર્વધર્મ પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ ધર્મના ધર્મગુરૂઓ પોતાના ધર્મની પ્રાર્થના કરવામાં આવશે. ખાદી પહેરવાની તેમની સ્વદેશી ભાવનાને જીવંત રાખવાના સંદેશ સાથે રેંટિયા પર સુતર કાંતણ, બાપુના પ્રિય ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" અને "રઘુપતિ રાઘવ રાજા રામ" રજુ થશે. ત્યારબાદ મહાનુભાવો ગાંધીજીની પ્રતિમાની નજીકના વિસ્તારમાું જઈ નગરજનોને સ્વચ્છતા સંદેશ આપશે. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા
## પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા તા.૨૮/૦૯/૨૦૧૮ તથા તા.૨૯/૦૯/૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ

(૧) ટી.પી.સ્કીમ નં.૩૬(વરીયાવ), ફા.પ્લોટ નં.૯૧પૈકીમાં આવેલ સુરત મહાનગરપાલિકાના પબ્લીક યુટીલીટી સેન્ટરના હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં ગેરકાયદેસર રીતે તબેલાનું બાંધકામ કરવામાં આવેલ. જે ગેરકાયદેસર તબેલાનું બાંધકામ દૂર કરી આશરે–૯૦૦.૦૦ ચો.ફૂટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૩૬(વરીયાવ)માં આવેલ ઉત્તર બુનિયાદ આશ્રમ શાળાની બહાર ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલ કાચા–પાકાં ઝુંપડાઓના દબાણ દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૪૫(જહાંગીરપુરા–પીસાદ), ફા.પ્લોટ નં.૪૯માં સત્યદેવ પ્લાઝા, " ચીલી ફલેવર્સ" રેસ્ટોરન્ટ ધ્વારા પાર્કિંગના ભાગમાં કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ દૂર કરી આશરે–૭૮૦.૦૦ ચો.ફૂટ જેટલો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ છે. જેના અનુસંધાને સદર ગેરકાયદેસર બાંધકામના ડિમોલેશન અન્વયે મિલ્કતદાર પાસે વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૭,૦૦૦/– વસુલ લેવામાં આવેલ.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૩–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ફોટોગ્રાફર તથા કુલ–૨૦ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

# —: પ્રેસ નોટ :—

## <u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૯/૦૯/૨૦૧૮ના રોજ ચાલુ વર્ષના અંતિમ **<u>વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો</u> ડુમસ શહેરી આરોગ્ય કેન્દ્ર, ડુમસ પોલીસ સ્ટેશન સામે, સુલ્તાનાબાદ, સુરત** ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં અધ્યક્ષ આરોગ્ય સમિતિ શ્રી દિગ્વિજયસિંહ બારડ, અધ્યક્ષ રૂગ્ણાલય સમિતિ શ્રી મૂળજીભાઈ ઠકકર, અધ્યક્ષા ગૃહનિર્માણ શ્રીમતિ સુચિત્રાબેન પટેલ,મ્યુ.સદસ્ય શ્રીમતિ સુધા નાહતા, શ્રીમતિ કિશોરીબેન કાપડીયા, શ્રી હિતેન્દ્ર ગામિત, ઝોનલ ચીફ શ્રી એ.એમ.દુબે,ઈ.ચા.આરોગ્ય અધિકારી શ્રી ડો. પ્રદિપ ઉમરીગર, નાયબ આરોગ્ય અધિકારી (અઠવા ઝોન) ડો.કે.આઈ.ખત્રી, ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી ( વેકિસનબ્રાંચ ) ડો ચેતન ચોકસી , આસી.જંતુનાશક અધિકારીશ્રી કે.બી.દેસાઈ તથા સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તેમજ પનાસ,અલથાણ, ઉમરા, ડુમસ શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ. વિભાગના અધિકારી /કર્મચારીઓ તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં ડુમસ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૩૧૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૬૧, સર્જન દ્વારા ૧૩, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૦૭, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૧૭, ચામડીના નિષ્ણાંત દ્વારા ૬૦, આંખના નિષ્ણાંત દ્વારા ૯૩, મેડીકલ ઓફિસર દ્રારા ૫૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૦૬ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૨૭૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૭૫ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.જેમાં જુદા–જુદા રોગ અંગેની ૬૦૦૦ પ્રચાર પત્રિકા તથા ૬૦૦ નંગ કલોરિન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૧૦, ઓરલ પીલ્સ ૩૩ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૧૬૦ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને પોલીયોની રસી,૦૧ બાળકને પેન્ટાવેલેન્ટની રસી આપવામાં આવી હતી.

આમ સુરત મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષે આયોજિત કરવામાં આવેલા **બાર વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પમાં કુલ ૯૧૩૭** લાભાર્થીઓએ આ સેવા/કેમ્પનો લાભ લીધેલ છે.


સુરત મહાનગરપાલિકા
આરોગ્ય વિભાગ
દ્વારા આયોજીત
વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

:: પ્રેસનોટ ::

"ભજનાવલી / સંગીત સંધ્યા અને ગાંધીજી : માનવથી મહાત્મા વિષય પર પ્રવચન"

વિષય : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ યોજાનાર ગાંધીજીને પ્રિય એવા ભજનો અંગે ભજનાવલી / સંગીત સંધ્યા કાર્યક્રમ તથા ગુજરાતના પ્રખર વકતા અને કટારલેખક શ્રી જય વસાવડાનું "ગાંધીજી : માનવથી મહાત્મા" વિષય પર મનનીય પ્રવચન.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ને મંગળવારના રોજ રાત્રે ૭.૩૦ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ગાંધીજીને પ્રિય એવા ભજનો અંગે ભજનાવલી / સંગીત સંધ્યા કાર્યક્રમ તથા "ગાંધીજી : માનવથી મહાત્મા" વિષય પર મનનીય પ્રવચન રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મહાત્મા ગાંધીજીને પ્રિય એવા ભજનો પ્રસ્તુત કરવામાં આવશે. તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ રાત્રે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને ગાંધીપ્રેમી નગરજનોની ઉપસ્થિતિમાં પૂજય ગાંધી બાપૂના જન્મ જયંતિ ઉજવણીએ યોજાનાર કાર્યક્રમનો શુભારંભ કરાવશે.

ગુજરાતના પ્રખર વકતા અને કટાર લેખક **શ્રી જય વસાવડા** "ગાંધીજી : માનવથી મહાત્મા" વિષય ઉપર વકતવ્ય રજુ કરશે. ગાંધીજીને પ્રિય એવા ભજનો અંગે ભકિત સંગીતની રસધારા પ્રસિધ્ધ કલાકારો **શ્રી ભાવિન શાસ્ત્રી, શ્રીમતી નયના સરમા અને શ્રી આદિત્ય ગઢવી** ફેલાવશે તથા કાર્યક્રમનું સંચાલન **ડૉ. રઈશ મનીઆર** કરશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત જયારે સમગ્ર દેશ અને રાજયમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે ત્યારે સુરતની કલા, સંગીત અને ભજનપ્રેમી એવા ગાંધીપ્રેમી નગરજનોને ગાંધીજીને પ્રિય એવા ભજનનો કાર્યક્રમ, **શ્રી જય વસાવડા**ના "ગાંધીજી : માનવથી મહાત્મા" વિષયના મનનીય પ્રવચન સાથે માંણવા તથા સંગીતવૃંદને પ્રોત્સાહિત કરવા અને સુરત ખાતે યોજાનાર સુરમયી ભજન સંગીત સંધ્યાને સફળ બનાવવા અપીલ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે તમામ જાહેર જનતા માટે પ્રવેશ વિનામૂલ્યે રાખવામાં આવેલ હોય, જાહેર જનતાને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

**<u>સુરત મહાનગર પાલિકા</u>**

**<u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>**

**<u>અખબારી યાદી</u>**

# ડ્રાય ડે

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે <u>તા.૨૯/૦૯/૨૦૧૮</u> ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

<u>સેન્ટ્રલ ઝોનમાં</u> રામપુરા, નૂરી મહોલ્લો, દાતણીયાવાડ, અશક્તા આશ્રમ,ચોકબજાર, સાગર હોટલ,સીધીશેરી, વચલીશેરી, મૃગવાન ટેકરો, વાણીયાશેરી, મિસરીખાન મહોલ્લો, ઘાસતેલવાલાની ચાલ, ભથીયારા મહોલ્લો, તૈયબી મહોલ્લો, શેકીમહોલ્લોનોવિસ્તાર.જેવાવિસ્તારોમાં,<u>રાંદેરઝોનમાં</u>દરગાહકંમ્પાઉન્ડ,રીવરડ્રાઈવસોસા,દિપાકોમ્પલેક્ષ,મહાલક્ષ્મીઆર્કેડ,સીમા રો.હાઉસ,પાર્શ્વનાથ ,સહજધામ અને ગોવિંદનગર,સિલ્વર પાર્ક ,આનંદનગર ગાળા ટાઈપ તથા બંગલા ટાઈપ અને ગોપીનાથ જેવાવિસ્તારોમાં,<u>ઉધનાઝોનમાં</u>ભીમનગર,આર્વિભાવ–૧,ભગવતીનગર,સંગમસોસાયટી,શાંતીનિકેતન,અસ્માનગર,રામેશ્વરનગર,ગુરૂકૃપાનગરજેવાવિસ્તારોમાં,<u>લિંબાયતઝોનમાં</u>ખાનપુરાસર્વેનં૪૪/૦૧અને૪૪/૦૨,છ.શીવાજીનગર,ચીમનીટેકરા,ગાંધીનગર, સલીમનગર,નેહરૂનગર,ડિંડોલીગામ,યોગેશ્વરપાર્ક,સાંઈનગર,અશ્વનીપાર્ક,કૈલાશનગર ,મહાપ્રભુનગર,સંતકૃપા સોસા,મધુસુદન ,પ્રિયંકા સોસા ૩ અને ૫,જયલક્ષ્મીનગર જેવા વિસ્તારોમાં, <u>અઠવા ઝોનમાં</u> આદર્શ પછાતવર્ગ,ઉમરાવનગર, જીવકોરનગર તથા આ.બા.,સુમનસાગર,બીઓબીકૃપાસોસાયટી,ગુરૂનાનકમંદિરપાસે,સત્યસાંઈહળપતિવાસઅલથાણ,નવીવસાહત,ડુમસ.જેવાવિસ્તારોમાં,<u>કતારગામઝોનમાં</u>કુબેરનગર–૧,૨,રહેમતનગર,સ્મૃતિસોસા.,નિખાલસનગર,રંગલક્ષ્મીસોસા.,મોહનનગર,દિલીપનગર, ગીતાનગર,દતકૃપા,નિર્મલનગર,રંગનગર,આવાસએચ–૩.જેવાવિસ્તારોમાં,<u>વરાછાઝોનમાં</u>વસંતભીખાનીવાડી,ગણેશનગર,બર્મા સેલઝું,આંબેડકરનગર,તાસનીવાડી,જાડાબાવાનોટેકડો,અશોકનગર,હિરાનગર,માનસરોવરનાકારખાના,ભાતની વાડી, મીરા નગર, કોહીનુર,શ્રીરામ નગર,દિનદયાળ કૃષ્ણ નગર, રવિપાર્ક, ટાંકીપાળ ઝું,દરબાર ફળિયું,વિક્રમ નગર – ૧,૨,૩,૪, ચાંમુડા નગર,પ્રભુ દર્શન,જય યોગેશ્વર ,મન મંદીર, પરમેશ્વર પાર્ક, નીલમ નગર વિ–૧,૨.જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી. સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 128750 | 306330 | 988 | 3408 | 1143 | 4671 | 283 | 101250 | 123 | 91965 | 18460 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૪૮૨
તા. ૨૯–૦૯–૨૦૧૮

સુરત મહાનગરપાલિકા
નેચરપાર્ક એન્ડ ઝુ
સરથાણા

# <u>પ્રેસનોટ</u>

## <u>પ્રાણી સંગ્રહાલય ખાતે ૨ જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન ''વન્ય પ્રાણી સપ્તાહ'' ની થનાર ઉજવણી.</u>

સુરત મહાનગરપાલિકા, નેચરપાર્ક/પ્રાણી સંગ્રહાલય ખાતે પ્રકૃતિનાં સંવર્ધન અને સંરક્ષણ, વન્યજીવ, પ્રાણી–પક્ષીઓ પ્રત્યે લાગણી, બચાવ, રાખ–રખાવ માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જનજાગૃતિ માટે ૨ જી અકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન **<u>''વન્યપ્રાણી સપ્તાહ'' ની ઉજવણી કરનાર છે.</u>**

આ અઠવાડિયાને સફળ બનાવવા સુરત મહાનગરપાલિકાએ શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને કલ્પનાઓને બદલે વન્ય જીવન વિશેની પ્રત્યક્ષ સાચી વૈજ્ઞાનિક જાણકારી મેળવવા અને તેમનામાં શૈક્ષણિક જાગૃતિ લાવવા ઉપરાંત તેમની જિજ્ઞાસાવૃત્તિ કેળવવા માટે **<u>૧૨(બાર) વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકોને પ્રાણી સંગ્રહાલયમાં વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે જેનો ૧૨(બાર) વર્ષથી નાની ઉંમરના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લેવો તેવું પ્રાણીસંગ્રહાલય ખાતાએ તેમની અખબાર યાદીમાં જણાવેલ છે.</u>**

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા બાબત.

સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા તા.૨૫/૦૯/૨૦૧૮ થી તા.૦૬/૧૦/૨૦૧૮ દરમ્યાન સંજીવકુમાર ઓડિટોરીયમ, રાજહંસ થીયેટરની પાછળ, અડાજણ, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. સુરતની શાન સમા ''સંજીવકુમાર ઓડિટોરીયમમાં '' તા.૨૫/૦૯/૨૦૧૮ના રોજ શરૂ થયેલ આ નાટ્ય સ્પર્ધામાં તા.૨૮/૦૯/૨૦૧૮ના રોજ ચતુર્થ નાટક કે.ડી.એન્ટરટેઈનર નાટ્ય સંસ્થાનું ઉત્તમ ગડા લિખિત અને જાવિદ કાઝી દિગ્દર્શિત એક નામી ઉદ્યોગપતિ સર્વસ્વ ગુમાવ્યા બાદ નાનકડા ગામમાં પોતાની હવેલીમાં વફાદાર મેનેજર સાથે જીવન વ્યતિત કરતા સસ્પેન્સ નાટક ''શિરચ્છેદ'' રજુ થયું હતું. તા.૨૯/૦૯/૨૦૧૮ના રોજ પાંચમુ નાટક પરમ નાટ્ય સંસ્થાનું ડૉ. પદ્મેશ પંડિત લિખિત–દિગ્દર્શિત પિતાના ખૂનનો આરોપ પૂત્ર પર મુકાતાં ગર્ભિત શકિતઓને શોધી ન્યાય આપવાની વાર્તા રજુ કરતું ''મનુ દામજી'' નાટક ભજવાયું હતું. તો તા.૩૦/૦૯/૨૦૧૮ના રોજ આર્ટીઝમ થિયેટર નાટ્ય સંસ્થાનું ગીરીશ સોલંકી લિખિત અને દિગ્દર્શિત ગૌતમ બુધ્ધના વિચારો, પ્રેમ, કરૂણા, મિત્રતા અને માનવતા એ જ ખરો ધર્મ છે સમજાવતું નાટક ''એમ આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ''નું મંચન થયું હતું. સુરત મહાનગરપાલિકાની સ્પર્ધામાં રજુ થતાં નાટકોને નાટ્ય રસિક નગરજનોએ સંજીવકુમારના ફુલ ઓડિયન્સ સાથે રસપૂર્વક નિહાળ્યા હતા. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે સંજીવકુમાર ઓડિટોરીયમના તખ્તે રજુ થશે.

| ક્રમ | તારીખ | સંસ્થાનું નામ | નાટકનું નામ | સંચાલકનું નામ | દિગ્દર્શકનું નામ | લેખકનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૧/૧૦/૨૦૧૮ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ | મનોજ પાનપાટીલ | મનોજ પાનપાટીલ | શૈલેષ દવે |
| ૨ | ૦૨/૧૦/૨૦૧૮ | દિપ આર્ટસ્ | આખરી દાવ | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત | જય દિ. દીક્ષિત |
| ૩ | ૦૩/૧૦/૨૦૧૮ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ | વૈભવ દેસાઈ | ડૉ.રઈસ મનીઆર |
| ૪ | ૦૪/૧૦/૨૦૧૮ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | ચેતન સી.કણિયા | પંકજ પાઠકજી | વિલોપન દેસાઈ |
| ૫ | ૦૫/૧૦/૨૦૧૮ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે | દેવાંગ જાગીરદાર | દેવાંગ જાગીરદાર | મકરંદ મુસળે |
| ૬ | ૦૬/૧૦/૨૦૧૮ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ | મેહુલ બી. શર્મા | સ્વપ્નીલ પાઠક | વિલોપન દેસાઈ |

આ નાટ્ય સ્પર્ધા વિનામૂલ્યે આમંત્રિતો માટે રાખવામાં આવેલ છે. **પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. મોડા આવનારે પ્રવેશનો આગ્રહ રાખવો નહિં.**

નાટ્ય સ્પર્ધાના પ્રવેશ પાસ તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ સંજીવકુમાર ઓડિટોરીયમની બુકીંગ ઓફિસ ખાતેથી બપોરે ૩ થી ૪ કલાક દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે મળી શકશે. તા.૦૩/૧૦/૨૦૧૮થી રાબેતા મુજબ સવારે ૧૧ થી ૧૨ દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે મળી શકશે.

સુરત મહાનગરપાલિકા
પ્રાણી સંગ્રહાલય(ઝુ)

# પ્રેસનોટ

## સરથાણા નેચરપાર્ક મુલાકાતીઓ માટે બેટરી ઓપરેટેડ પેસેન્જર વાહનોથી સુસજ્જિત

## ગાંધી જયંતી નિમિત્તે નેચરપાર્ક ખાતે બેટરી ઓપરેટેડ પેસેન્જર ટ્રોલીઓની સેવાનું શુભારંભ.

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા–નેચરપાર્ક અને ઝુ ખાતે વન્યજીવ પ્રાણીઓને જોવા આવતાં મુલાકાતીઓ માટે તા.૦૨/૧૦/૨૦૧૮ ના રોજ એટલે કે, ગાંધી જયંતિના દિવસેથી બેટરી ઓપરેટેડ પેસેન્જર ટ્રોલી સેવાનું શુભારંભ કરવામાં આવેલ છે. આ બેટરી ઓપરેટેડ પેસેન્જર ટ્રોલીઓ સંપૂર્ણ રીતે ઈકો ફ્રેન્ડલીની સાથે સાથે કોઈ પણ જાતનો ધ્વનિ અને વાયુ પ્રદુષણ પેદા કરતી ના હોય, પર્યાવરણના રક્ષણ અને મુલાકાતીઓ માટે ખુબ જ ઉપયોગી બની રહેશે. જે પ્રાણીસંગ્રહાલય ખાતાએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.




:: પ્રેસનોટ ::

"રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ ઉજવણી"

વિષય : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ આયોજીત ગાંધીજીની પ્રતિમાને સુતરાંજલિ તથા ગાંધીવંદના બાદ સર્વધર્મ પ્રાર્થના તેમજ ભજન, રેલી કાર્યક્રમ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ કલાકે ગાંધી પ્રતિમાને સુતરાંજલિ તથા ગાંધીવંદના બાદ સર્વધર્મ પ્રાર્થના તેમજ ભજનનો કાર્યક્રમ ચોકબજાર, સુરત ખાતે રાખવામાં આવ્યો હતો. માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, મા.મંત્રીશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, રાજય કક્ષા શ્રી કિશોરભાઈ એસ. કાનાણી(કુમાર), સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ડે.મેયરશ્રી નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, વિવિધ ધર્મના ધર્મગુરૂશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ તથા શહેરીજનોએ પૂજય ગાંધી બાપૂની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો સવારે ૭.૩૦ કલાકે ગાંધીજીની પ્રતિમા ખાતેથી પૂજય ગાંધી બાપૂએ આપેલ સૂત્રોને રજુ કરતા બેનરો સાથેની પ્રભાતફેરીને માન.મેયરશ્રી અને મહાનુભાવોએ ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

ચોકબજાર ખાતે ગાંધી વંદના અને સર્વધર્મ કાર્યક્રમમાં સામેલ થયા હતા. સર્વધર્મ પ્રાર્થના કાર્યક્રમમાં શ્રી કુમારભાઈ હરેશભાઈએ હિન્દુ ધર્મની, મુસ્લિમ મૌલવીશ્રી મૌલાના અબ્દુલ આઝમ દુધવાલાએ મુસ્લિમ ધર્મની, પારસી ધર્મગુરૂશ્રી સાયરસ મા.દસ્તુરજી નોસીરવાન મંચેરશા દસ્તુરએ પારસી ધર્મની અને ખ્રિસ્તી ધર્મગુરૂ ફાધરશ્રી ડેનીશ અમીનએ ખ્રિસ્તી ધર્મની પ્રાર્થના રજુ કરીને પૂજય મહાત્મા ગાંધીજીની "સર્વ ધર્મ સમભાવ"ની ભાવનાને ચરિતાર્થ કરી હતી. ઉપસ્થિત તમામ ધર્મના ધર્મગુરૂશ્રીઓએ ભારત દેશમાં અમન અને શાંતિની સાથે રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અભ્યર્થના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંગીત વર્તુળે પૂજય ગાંધીજીના પ્રિય એવાં "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" અને "રઘુપતિ રાઘવ રાજા રામ" ભજનો ગાયાં હતાં. જીવન ભારતી કિશોરભવન સ્કુલના વિદ્યાર્થીઓએ રેંટિયા કાંતણ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના પ્રિય રેંટિયાને તથા ખાદી પહેરવાની તેમની સ્વદેશી ભાવનાને જીવંત રાખતો સંદેશ પ્રસ્તુત કર્યો હતો. ત્યારબાદ માન.મેયરશ્રી અને મહાનુભાવોએ લોકોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ માટે "સ્વચ્છતા હી સેવા" રેલીને ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકો, શિક્ષકશ્રીઓ સહિત ગાંધી પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ગાંધી વંદના તથા સર્વધર્મ પ્રાર્થના તેમજ ગાંધીજીને પ્રિય એવા ભજનના કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

સમાચાર યાદી નં. ,તા.૦૨/૧૦/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.







# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત શહેરને ગૌરવાન્વિત કરતો અને શહેરની શાન વધારતો સૂર્યપુત્રી તાપી નદી પર અઠવા અને અડાજણ વિસ્તારને જોડતો અંદાજીત રૂ.૧૪૩.૬૪ કરોડના ખર્ચે નિર્મિત "પંડિત દીનદયાળ ઉપાધ્યાય" કેબલ સ્ટેઈડ બ્રિજની લોકાર્પણવિધિ તથા શહેરના તમામ ઝોન વિસ્તારમાં અંદાજીત રૂ.૬૮૧.૫૫ કરોડના ખર્ચે સાકારિત થયેલ તથા અયોજીત વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્તની તકતીઓની અનાવરણવિધિ શ્રી વિજયભાઈ રૂપાણી માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજયના વરદ્હસ્તે તથા માનનીય મેયર ડૉ.જગદીશ પટેલના પ્રમુખ સ્થાને સંજીવકુમાર ઓડિટોરીયમ, પાલ,સુરત ખાતે સંપન્ન થયેલ.

આ પ્રસંગે માનનીય મેયર ડૉ.જગદીશ પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે ત્રણ દાયકામાં સતત વિકાસ થઈ રહયો છે.સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ આપવામાં અગ્રેસર છે કેબલ સ્ટેઈડ બ્રિજની સાથે જનસુખાકારીમાં વધારો થાય અને ટ્રાફિક સમસ્યા હળવી બને તેમજ પર્યાવરણલક્ષી પ્રોજેકટો પણ મૂકવામાં આવ્યા છે.સુરતની પ્રજાએ ૬૦,૦૦૦ જેટલી ગણેશજીની પ્રતિમાનું તાપી નદીમાં વિસર્જન ન કરીને જે કાર્ય કરીયું છે તે પ્રશંસનીય છે તેમણે તાપી નદીને સ્વચ્છ રાખવાનું કાર્ય કરી બતાવ્યું છે.સુરત પરિવહન,આરોગ્ય,સ્વચ્છતામાં આગળ છે અને આગળ રહેશે.

આ પ્રસંગે ઉપસ્થિત માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણીનું માન.મેયર ડૉ.જગદીશ પટેલ તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ,મોમેન્ટો તથા ચરખા આપી સ્વાગત કરેલ.માન.મંત્રી શ્રી કૌશિકકુમાર પટેલનું માન.ડે.મેયર શ્રી નિરવ એસ.શાહ ધ્વારા શાલ,મોમેન્ટો તથા ચરખા આપી સ્વાગત કરેલ.

માન.મંત્રી રાજયકક્ષા શ્રી ઈશ્વરભાઈ પટેલનું તથા માન.મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર)નું સ્વાગત માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી અનિલભાઈ ગોપલાણી ધ્વારા શાલ,મોમેન્ટો તથા ચરખા આપી કરવામાં આવેલ.તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ સ્વાગત કરવામાં આવેલ.

માન.ચેરમેન,ગુજરાત મ્યુ.ફાયનાન્સ બોર્ડ શ્રી ધનસુખભાઈ ભંડેરી તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આપણા ગુજરાતને સંવેદનશીલ,નિર્ણાયક અને સરળ મુખ્યમંત્રી મળ્યા છે તેઓ સતત શહેરો–ગામડાના વિકાસ માટે પ્રયત્નશીલ રહે છે. ગુજરાતની પ્રજા માટે વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૨ દરમ્યાન રૂ.૭૦૦૦ કરોડ,વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ માટે રૂ.૧૫૦૦૦ કરોડ તથા આ વર્ષે રૂ.૪૩,૦૦૦ કરોડ કામો માટે ફાળવ્યા છે.ગુજરાતની આઠ મહાનગરપાલિકામાંથી સુરત મહાનગરપાલિકાને શહેરી વિકાસ માટે ૪૩૦૦ કરોડ ફાળવ્યા છે આપણને સાચા અર્થમાં નિર્ણાયક સરકાર મળી છે.

માન.મંત્રી,મહેસૂલ,ગુજરાત રાજય શ્રી કૌશિકકુમાર પટેલ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આજના ઐતિહાસિક દિવસ ૧૫૦ મી ગાંધીજીની જન્મજયંતિ પ્રસંગે અંદાજીત રૂા.૮૨૫ કરોડના વિકાસ કાર્યો સુરત મહાનગરપાલિકાને આભારી છે.તાપી અને સુરતનો પ્રભારી બન્યા બાદ ૫ મી વખત સુરત આવ્યો આ તમામ કાર્યક્રમ ૫૦૦ કરોડથી નીચે  નથી કર્યા આ વિકાસની ગતિ છે.માન.મુખ્યમંત્રીશ્રીએ મહાનગરપાલિકાઓ,નગરપાલિકાઓ અને ગામડાઓમાં વિકાસ કામોને ઝડપથી આગળ વધારી રહયા છે.વરસાદની સમસ્યા હોય,ઘાસચારાની સમસ્યા હોય ૧ મિનીટની અંદર નિર્ણય લે છે.ગાંધી વિચારધારાને કારણે આપણી ભારતીય સંસ્કૃતિને દુનિયા નમન કરે છે.આપણને સત્ય,અહિંસા,માનવતા, રાષ્ટ્રપ્રેમની આપને શીખ મળી છે.આવનારા વર્ષોમાં તેમનું સ્વચ્છતાનું સ્વપ્ન સાકાર કરીએ.

માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ અન્ય મહાનુભવો ધ્વારા ડિજિટલ તકતીઓનું રીમોટ ધ્વારા  લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવેલ અને તમામ પ્રોજેકટઓ જાહેર જનતા માટે ખુલ્લા મુકવામાં આવેલ.

માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણી ધ્વારા ડિસેમ્બર–૨૦૧૫ થી જૂન–૨૦૧૮ ની વિકાસયાત્રા પુસ્તિકા તથા સુરત સોનાની મૂરત પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ.તથા ગણેશ વિસર્જન પ્રસંગ પ્રશંસનીય કામગીરી કરવા બદલ સુરત મહાનગરપાલિકાના કમિશનરશ્રી,સુરત પોલીસ કમિશનરશ્રી તથા સુરતના કલેકટરશ્રીને પ્રશંસાપત્ર આપવામાં આવેલ.

માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણીને કેન્યા કેળવણી નિધિ માટે વિવિધ દાતાઓ ધ્વારા ચેક અર્પણ કરવામાં આવેલ.

માનનીય મુખ્યમંત્રી,ગુજરાત રાજય શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ગાંધીજીના વિચારો,મૂલ્યોને સમય પણ કાટ ન લગાડી શકે સ્વચ્છતા અને આઝાદી માંથી કોઈ એકની પસંદગી કરવી હોય તો સ્વચ્છતાની પસંદગી કરીશ માન.વડાપ્રધાનશ્રી સ્વચ્છતા અભિયાન શરૂ કરીયું આજે તમામ  લોકો સ્વચ્છતામાં જોડાયા છે.આજે પણ ઉચ–નીચ ,રંગ–ભેદ વગર સર્વધર્મ સમભાવના રાખીને ભારતની એકતા–અખંડિત ઉજાગર થાય છે.ગાંધીજી આઝાદીની લડત પછી દેશમાં સૂરાજય બને તેવા પ્રયત્નો કરતા હતા.આઝાદી પહેલા દેશ માટે મરવાનું હતુ આજે દેશ માટે જીવવાનું છે.દેશના વિકાસ અને પ્રતિષ્ઠાને આગળ વધારવાની છે.ગાંધીજીનું ગુજરાત છે  સરદાર પટેલનું ગુજરાત છે.સુરત આજે બદસૂરત નહિ પણ ખુબસૂરત છે.વિકાસની વાત કરીએ તો સુરત દુનિયાના આધુનિક શહેરોની આંખમાં આંખ મિલાવી ઉભું છે.રાજીવગાંધીના સમયમાં ૧ રૂપિયાની સામે પ્રજાને ૧૫ પૈસા મળતા ૮૫ પૈસા વચેતિયાઓ પચાવી પાડતા પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહયું છે ૧ રૂપિયો મોકલું તો સવા રૂપિયાનું કામ જોઈશે.ગુજરાતમાં વિકાસ સોળે કલાએ ખીલી ઉઠયો છે.સુરતનો આ કેબલ બ્રિજ ૧૨૦મો બ્રિજ છે.સુરતએ બ્રિજોની નગરી છે.આવનાર સમયમાં ફાટક મૂકત ગુજરાત બનશે.હેન્ડ પંપ મૂકત ગુજરાત બનશે.ટી.પી.સ્કીમો આગળ વધશે.આવનારા સમયમાં શહેરીકરણ વધશે જેથી મોટી સંખ્યમાં લોકો શહેરો તરફ આવશે તે માટે પ્રાથમિક સુવિધાઓમાં વધારો થાય તે

દિશામાં સરકાર કાર્ય કરી રહી છે.સુરક્ષા,ટ્રાફિક,સીસીટીવી કેમેરા,સ્માર્ટ સીટી તમામ ક્ષેત્રે વિકાસ થઈ રહયો છે.આવનારા સમયમાં દહેજથી ઘોઘા રોરોફેરી શરૂ થશે બસ,ટ્રક સહિત લોકો બીજા છેડે જઈ શકશે.૩૧ ઓકટોબરના રોજ સરદાર પટેલની પ્રતિમાનું લોકાર્પણ થવાનું છે જેમ લોકો તાજમહેલ જોવા આવે છે તેમ સરદાર પટેલની પ્રતિમા જોવા આવશે.વિવાદ નહિ સંવાદ,લઘુત્તમ સાધનોનો મહત્તમ ઉપયોગએ અમારી નીતિ છે.

માન.ડે.મેયર શ્રી નિરવ.એસ.શાહે ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ સંપન્ન કરેલ.

આ પ્રસંગે શ્રી માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.સાંસદ શ્રી સી.આર.પાટીલ, માન.ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, માન.ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, માન.ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્યશ્રી કાંતિભાઈ બલર, માન.ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, માન.ધારાસભ્યશ્રી વી.ડી.ઝાલાવાડીયા, માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ, જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,સમાચાર યાદી નં.૪૮૭,તા.૦૨/૧૦/૨૦૧૮















# :: પ્રેસનોટ ::

**"ગાંધીજી : માનવથી મહાત્મા વિષય પર પ્રવચન અને ભજનાવલી / સંગીત સંધ્યા"**

**વિષય :** **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ આયોજીત "ગાંધીજી : માનવથી મહાત્મા" વિષય પર પ્રવચન અને ગાંધીજીને પ્રિય એવા ભજનોનો ભજનાવલી / સંગીત સંધ્યા કાર્યક્રમ**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત જયારે સમગ્ર દેશ અને રાજયમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૧૦/૨૦૧૮ને મંગળવારના રોજ રાત્રે ૭.૩૦ કલાકે પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે "ગાંધીજી : માનવથી મહાત્મા" વિષય પર મનનીય પ્રવચન તથા ગાંધીજીને પ્રિય એવા ભજનો અંગે ભજનાવલી / સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૦૨/૧૦/૨૦૧૮ના રોજ રાત્રે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલના અધ્યક્ષપદે શ્રી ગણપતસિંહ વસાવા, કેબિનેટ મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળકલ્યાણ, ગુજરાત રાજય, શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ પરમાર, કેબિનેટ મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા(અનુસુચિત જાતિ કલ્યાણ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત)ના મુખ્ય મહેમાન પદે ઈન્ડોર સ્ટેડિયમ ખાતે દીપ પ્રગટાવી શુભારંભ કરાવવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રથમ પૂજય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના બાદ માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ સ્વચ્છતા અંગેના સંકલ્પ લેવડાવ્યા હતા. ડૉ.રઈશ મનીઆરના સંચાલન હેઠળ ભજનાવલી / સંગીત સંધ્યા કાર્યક્રમની શરૂઆતમાં નયના સરમાએ... 'ઈશ્વર સત્ય હૈ સત્ય હી શિવ હૈ...શિવ હી સુંદર હૈ'.... ભકિત ગીત રજુ કરી સૌને શીવભકિતમાં રસ તરબોળ કરી દીધા હતા. તો આદિત્ય ગઢવીએ.... 'મારો હરી કરે સો હોય'..ભજન રજુ કરી પ્રેક્ષકોની વાહ વાહી મેળવી હતી. ગુજરાતના ખ્યાતનામ કલાકારશ્રી ભાવિન શાસ્ત્રીએ ...'ધુણી રે ધખાવી અમે તારા નામની' ભકિત ગીતથી શરૂ કરી શ્રોતાઓને ભકિતના રંગે રંગાવ્યા હતા.

ગુજરાતના પ્રખર વકતા અને કટાર લેખક શ્રી જય વસાવડા "ગાંધીજી : માનવથી મહાત્મા" વિષય ઉપર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન સફર ઉપર માહિતી સભર વકતવ્ય રજુ કર્યું હતું. તેમણે જુદા જુદા દષ્ટાંતો આપીને ગાંધીજી માનવમાંથી મહા માનવ કેમ બન્યા ? તે અંગે રસપ્રદ માહિતી રજુ કરી ગાંધી પ્રેમીઓના જ્ઞાનમાં વધારો કર્યો હતો. વૈષ્ણવ જન તો તેને રે કહીએ...ભજન પૂજય ગાંધીજીને કેમ પ્રિય હતું ? તે અંગેની વિસ્તૃત છણાવટ કરી માનવી જયારે બીજાની પરવાહ કરતો થાય, અને અન્યની પીડાને દુર કરવા પોતે પ્રયત્નમાં લાગી જાય, સક્રિય થાય તેમ છતાં મનમાં અભિમાન ન આણે. માનવી જયારે અંત્યોદય સુધી પહોંચવાનો પ્રયત્ન કરે, બીજાને સત્ય સમજાવવા પોતે આચરણ કરે, ત્યારે તે મહામાનવ બને. સત્ય, અહિંસા, સ્વચ્છતા, સત્યના પ્રયોગો, નાનામાં નાની ઘટનાઓમાંથી બોધપાઠ લેવા જેવા વિષયોને આવરી લઈને વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય માહિતી વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ડોકયુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.

ભકિત સંગીતની રસધારાના બીજા દોરમાં પ્રસિધ્ધ કલાકારો શ્રી ભાવિન શાસ્ત્રી, શ્રીમતી નયના સરમા અને શ્રી આદિત્ય ગઢવીએ ગાંધીજીને પ્રિય એવા ભજનો રજુ કરી ઉપસ્થિત ગાંધી પ્રેમી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સુફી સંગીત, ચારણ કન્યા, કસુંબીનો રંગ, વંદે માતરમ્ જેવા ગીતો પર લોક પ્રતિસાદ મળતાં કલાકારોએ પણ ઉમંગભેર એકથી એક ચડિયાતા ગીતો રજુ કરી ગાંધીજી સર્વધર્મ ભાવનાને ચરિતાર્થ કરી હતી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ડે.મેયરશ્રી નિરવ એસ. શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, ઈ.ચા.કમિશનર અને કલેકટરશ્રી ડો.ધવલ પટેલ, શાસક પક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ગાંધી પ્રેમી નગરજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન
## સુરત મહાનગરપાલિકા

### ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના એડી.સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં નીચે જણાવેલ મિલ્કતદારો ધ્વારા કરવામાં આવતા અનઅધિકૃત બાંધકામ અંગે વખતોવખત આપવામાં આવેલ નોટીસોનો અનાદર કરી અનઅધિકૃત બાંધકામ સ્વૈચ્છિક દુર કરવામાં ન આવતા, અત્રેના શહેર વિકાસ વિભાગના તથા સીકયુરીટી/માર્શલ સ્ટાફ ધ્વારા અનઅધિકૃત બાંધકામો દુર કરી, જરૂરી વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

| ક્રમ | વોર્ડ નં. | નોંધ નં. | સ્થળ | એરિયા (ચો.મી.) | ડીમોલીશન તારીખ | ડીમોલીશન ચાર્જ | અનઅધિકૃત બાંધકામ સબબ કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ૨ | ૧૦૨૮ | નાનપુરા ચોકી શેરી | ૬૫ | ૧૯/૦૯/૧૮ | ૩૦,૦૦૦ | માર્જીનમાં કરેલ પ્રોજેકશન તથા પાંચમા માળનો આર.સી.સી. સ્લેબ દુર કર્યો. |
| 2 | ૧ | ૮૯૯,૯૦૦ | અડાગરા સ્ટ્રીટ નાનપુરા | 180 | 20/09/2018 | 2,00,000 | ચોથા તથા પાંચમા માળનો આર.સી.સી. સ્લેબ તેમજ ચણતર દુર કર્યુ. |
| 3 | ૯ | ૬૨ | વાડી ફળીયા, કોટસફીલ રોડ. | 45 | 25/09/2018 | 20,000 | ગ્રા.ફલોર પરના માર્જીનમાં કરેલ પ્રોજેકશન તથા પાંચમા માળનો આર.સી.સી. સ્લેબ દુર કર્યો. |
| 4 | ૨ | ૩૪૦૨,૩૪૦૩ | બકરા શેરી, સગરામપુરા | 270 | 26/09/2018 | 50,000 | પાંચમા માળનો આર.સી.સી. સ્લેબ દુર કર્યો. |
| 5 | ૧૧ | ૧૨૭૨–૧૨૭૩ | નાણાવટ | 100 | 26/09/2018 | 1,00,000 | ૪ દુકાનના રોલીગ શટર દુર કરી પાર્કીગ ખુલ્લુ કર્યુ. |
| 6 | ૧ | ૩૮૯૫/અ+કે | ચોકબજાર, જુની સિવિલ પાછળ | 30 | 29/09/2018 | - | છઠ્ઠા માળનો આર.સી.સી.સ્લેબ દુર કર્યો. |
| 7 | ૩ | ૩૨૧૯–બ | રાણાવાડ, નવાપુરા | 20 | 29/09/2018 | 55,000 | ચોથા અને પાંચમા માળે આર.સી.સી.સ્લેબ તથા માર્જીનમાં કરેલ પ્રોજેકશન દુર કર્યો. |
| 8 | ૧૨ | ૧૩૯૫/અ/૨ | સાબરી મસ્જીદની બાજુમાં | - | 29/09/2018 | - | દુકાનના રોલીગ શટર દુર કરી પાર્કીગ ખુલ્લુ કર્યુ. |
| 9 | ૯ | ૧૪૫૪–૧૪૫૫ | ચૌટાબજાર | 81 | 01/10/2018 | - | ચોથા માળ પર ચેનલગર્ડરથી કરેલ પતરાંનો શેડ દુર કર્યો. |
| 10 | ૧૦ | ૩૨ | વ્હાઈટ હાઉસ, ચૌટાબજાર | - | 01/10/2018 | - | દુકાનને સીલ મારેલ. |
| 11 | ૧૧ | ૨૦૩૫/અ/બ, ૨૦૩૬/અ/બ | દરિયામહેલ, મુગલીસરા | 38 | 03/10/2018 | 40,000 | પાંચમા માળનો આર.સી.સી. સ્લેબ તથા ચણતરકામ દુર કર્યુ. |